સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

મહિમા વર્ષ

ઉપક્રમે

ઓક્ટોબર

પ્રગટભાવ માસ

દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે

Family Time સભા - 1

કાર્યક્રમ મટીરીયલ

❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ :
૨૦૨૨

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

: માસ :
ઓક્ટોબર

મહિમા વર્ષ

ઉપક્રમે

પ્રગટભાવ માસ

(દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે)

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

દિવસમાં એક વખત "હો શ્રીજી તમારું પ્રગટપણું ..."
આ પ્રાર્થના સાચા ભાવે અંતરના આર્તનાદ સાથે અવશ્ય કરીએ.

"દેહ નહીં હું મુક્ત અનાદિ..."
દિવસ દરમ્યાન આ રીતે જ્ઞાનજાગૃતિમાં રહીએ.

SMVS

કૃપાવચનો

(1) અવરભાવમાં મહારાજ અને મોટાપુરુષની હાજરીમાં જેવું જીવન હોય એવું જ એકલા હોઈએ કે હજારોની વચ્ચે હોઈએ તો પણ તેવું જ જીવન હોય તો સમજવું કે, પ્રગટભાવ અને અંતર્યામીપણું દ્રઢ થયું છે. ભલે મહારાજ કે મોટાપુરુષની પ્રતિમા કે અન્ય કોઈ મૂર્તિ અવરભાવમાં ન હોય પણ છતાંય, મહારાજ અને મોટાપુરુષ મારું બધુ જ જુએ છે અને બધુ જ જાણે છે, કારણ કે એ દિવ્ય સ્વરૂપે પ્રગટ જ છે, મારી ભેળા જ છે. ભલે મને ન દેખાય.

(2) "મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો..." આ વિચાર તે પ્રગટભાવ અને "સર્વે સંકલ્પોને તમે જાણો છો..." આ વિચાર તે અંતર્યામીપણું.

(3) જે બીકણ હશે એટલે કે જે ક્ષણે ક્ષણે મહારાજ અને મોટા મારું બધુ જ જાણે છે તેવું અંતર્યામીપણું દ્રઢ કર્યું હશે તો મહારાજના ને મોટાપુરુષના કલ્યાણકારી ગુણો રોકેટ કે જેટ વિમાનની ઝડપે આવે. અને જેને મહારાજ તથા મોટાની આવી બીક ન હોય તેમનામાં ગુણો તો ન આવે, પરંતુ સત્સંગમાં કાંઈ ઠેકાણું પણ ન રહે.

(4) શ્રીજીમહારાજ અને મોટાપુરુષ એ આ લોકનું સ્વરૂપ નથી, એ દિવ્ય છે, એ ભવ્ય છે, એ અંતર્યામી છે આવું દ્રઢ થઈ જાય એ જ મહાત્મ્ય.એવી સમજણ દ્રઢ થાય તો, જેવા જોડે રહેતા હોય ને મર્યાદા રહે તેમ ગમે તેવા એકાંતમાં હોઈએ કે ગમે તેટલા દૂર હોઈએ તો પણ મર્યાદા રહે તેવો દ્રઢાવ થઈ જવો જોઈએ.

હો શ્રીજી તમારું પ્રગટપણું...

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે...ટેક

મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્યદૃષ્ટિરૂપી તવ કૅમેરો, સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો...૦૧

રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તોપણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ, એવું જાણપણું રખાવજો...૦૨

જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી, સદા જય અમારો કરાવજો...૦૩

ઓડિયો કીર્તનનું શ્રવણ કરવા માટે
બાજુમાં આપેલ Button પર ક્લિક કરો..

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી દિવ્યવાણી

હો શ્રીજી તમારું પ્રગટપણું...

પ્રગટભાવે પ્રાર્થના કરીએ..



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર
આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.



પામીએ
પ્રેરણા

ઠાકોરજીના મસ્તકેથી મુગટ ઉતારીને જતન કર્યું

સંત કેમ્પના ત્રીજા દિવસે પ્રાતઃ સેશનમાં (ત્રણેય દિવસ પ્રાતઃ સભા બહાર ગાર્ડનમાં ગોઠવાયેલી હતી.) સભા પૂર્ણ થયા બાદ સ્વચકાસણી ફોર્મ ભરવા માટે સમય આપવામાં આવ્યો.

પૂ. સંતો સ્વચકાસણી ફોર્મ ભરી રહ્યા હતા. ૧૦:૦૦થી ૧૦:૩૦નો સમય થઈ ચૂક્યો હતો.

બીજી બાજુ થોડી ગરમી લાગી રહી હતી. ઠાકોરજીનો (હરિકૃષ્ણ મહારાજનો) પંખો ચાલુ હતો. મુગટ પણ ધારણ કરેલો હતો. બીજી બાજુ તે જોતાં પ.પૂ. સ્વામીશ્રીએ કોઈ પૂ. સંતોને પણ કહ્યા વગર ઊભા થઈ ઠાકોરજીને પ્રાર્થના કરી મસ્તક પરથી મુગટ લઈ બાજુમાં મૂકીને ફરીથી પ્રાર્થના કરી આસન ગ્રહણ કર્યું.

આમ, આવા અલ્પ સમયે પણ પ્રથમ ઠાકોરજીને તકલીફ તો નહિ પડે ને ? તે રીતે પોતે વર્તી ઠાકોરજીની ચિંતા રાખવી તેવી રીત શીખવાડી.

જ્ઞાનસત્ર-૧૬

૨૮ ૨૯ ૩૦ ૩૧ ૦૧

શુક્રવારથી મંગળવાર - ઑક્ટોબર, નવેમ્બર : ૨૨

કારતક સુદ ત્રીજથી કારતક સુદ સાતમ સુધી

- ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ
- દરરોજ સાંજે યુવા સંમેલન
- વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો અણમોલ લાભ
- સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા પ્રવચનમાળા
- દરરોજ સાંજે ગુરુજી દ્વારા વિશિષ્ટ લાભ

જ્ઞાનસત્ર-૧૬ રજિસ્ટ્રેશન અંગેની સૂચના

- જ્ઞાનસત્રના લાભાર્થીઓ માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- આવનાર જ્ઞાનસત્ર-૧૬માં સર્વે યુવકમુક્તોને વ્હાલા ગુરુજીનો વિશેષ લાભ મળનાર હોવાથી પૂરેપૂરા દિવસ લાભ લેવાય તેવો આગ્રહ રાખવો.
- એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ સેન્ટરોમાં જ્ઞાનસત્ર-૧૬ના રજિસ્ટ્રેશન ફોર્મનું વિતરણ શરૂ થઈ ચૂક્યું છે.
- દરેક સભ્યોએ પરિવાર દીઠ માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મ જમા કરાવવા આવીએ ત્યારે તેની સાથે જ ૨૦૦ રૂ. રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાની રહેશે.
- સમગ્ર જ્ઞાનસત્રનાં રજિસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાનો સમયગાળો : તા. ૫-૮-૨૦૨૨ ને સોમવારથી તા. ૨૦-૯-૨૦૨૨ ને મંગળવાર સુધી. આ સમયગાળા બાદ ફોર્મ જમા કરાવનારની રજિસ્ટ્રેશન ફી ૨૫૦ રૂ. રહેશે. જેની સર્વે હરિભક્તોએ નોંધ લેવી.
- તા. ૫-૧૦-૨૦૨૨ પછીથી કોઈનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- Pre-AYP, AYP તથા પ્રિ-મુમુક્ષુનાં તમામ પુરુષ-મહિલા સભ્યોએ જ્ઞાનસત્રનો પૂરેપૂરો લાભ લેવો ફરજિયાત છે.
- અમદાવાદ, ગાંધીનગર, કલોલ આદિ નજીકના સેન્ટરના હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા રાખેલ નથી. તેઓએ રોજ પોતાની રીતે જ સ્વામિનારાયણ ધામથી ઘરે આવવા-જવાનું રહેશે.
- ઉપરોક્ત સેન્ટર સિવાયના હરિભક્તોને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ જ ઉતારો મળશે.
- ઉતારાની વ્યવસ્થામાં પલંગની સગવડ કરવામાં આવેલ ન હોવાથી ૫૦ વર્ષથી ઉપરના કે કાયમી શારીરિક બીમારી કે અશક્ત હોય તેવા હરિભક્તોએ જ્ઞાનસત્રનો લાભ પોતાના સેન્ટરમાં ઑનલાઇન લેવાનો રહેશે.
- જો આપને ઉતારો લેવાનો ન હોય તોપણ રજિસ્ટ્રેશન ફોર્મ સાથે ફી ફરજિયાત જમા કરાવવાની રહેશે.
- ઉતારાની વ્યવસ્થામાં સૂવા માટે ગાદલું-ઓશીકું મળશે પરંતુ ઓઢવા માટેની વ્યવસ્થા આપની રીતે કરવાની રહેશે.
- આપની સાથે કે ઉતારામાં કીમતી મોબાઇલ, દાગીના કે વધુ રોકડ રકમ ન લાવવી કે ન રાખવી. અન્યથા કંઈ પ્રશ્ન સર્જાય તો આપની જવાબદારી રહેશે.
- જ્ઞાનસત્ર દરમ્યાન રોજ સવારે નાસ્તો, બપોરે તથા સાંજે જમવાનું સાદું ભોજન સંસ્થા તરફથી મળશે. અન્યથા, ડાયાબિટીસ કે અન્ય કોઈ રોગ-બીમારી હોય તો આપની રીતે જ જમવાની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- જ્ઞાનસત્રમાં પાંચેય દિવસ સફેદ અથવા સાદાં વસ્ત્રો પહેરવાં તેમજ નોટ, પેન, માળા અવશ્ય સાથે રાખવાં.

વધુ માહિતી માટે આપના નજીકના સેન્ટરમાં સંપર્ક કરવો...